# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**માહે :** **માર્ચ–જૂન–૨૦૧૭ ના ગાળામાં લેવાનાર વિવિધ પરીક્ષાઓના આવેદનપત્રો સ્વીકારવા અંગે..**

**પરિપત્ર ક્રમાંક : ૧ / ૧૦ / ૨૦૧૭**

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા સને : **માર્ચ–જૂન–૨૦૧૭** ના ગાળામાં લેવાનાર જુદી–જુદી પરીક્ષાઓના આવેદનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખો અને પરીક્ષા ફી ની વિગત નીચે દર્શાવવામાં આવેલ છે. નિયત કરવામાં આવેલ તારીખે જુદી જુદી પરીક્ષાના આવેદનપત્રો નિયત ફી સાથે યુનિવર્સિટીને પહોંચી જાય તેવી વ્યવસ્થા કરવા સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

**નીચેની સૂચનાઓને ધ્યાને લેવા તેમજ તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.**

– **તમામ પરીક્ષાઓના રેગ્યુલર તેમજ રીપીટર વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ યુનિવર્સિટીની Website : -- www.hngu.net પર ઓનલાઈન ફરજીયાતપણે ભરાવવાના રહેશે.મેન્યુઅલ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.**

– **ઓનલાઈન પરીક્ષા ફોર્મ ભરવા માટે www.hngu.net ફરજીયાત લોગીન થવાનું રહેશે, લોગીન થયા બાદ અંદર દર્શાવ્યા મુજબ આગળની કાર્યવાહી કરવાની રહેશે.**

નોંધઃ– (૧) વિદ્યાર્થી પાસેથી કોલેજે પરીક્ષા ફી સ્વીકારવાની છેલ્લી **તા.૩૦–૦૧–૨૦૧૭**

(૨) **વિદ્યાર્થી પાસેથી કોલેજે સ્વીકારેલ નિયત ફી બેન્કમાં ચલણથી જમા કરાવવાની છેલ્લી તા. ૦૩–૦૨–૨૦૧૭**

(૩) બેંકમાં જમા કરાવેલ ફી ના ચલણની કોપી તેમજ ઓનલાઈન ભરેલ પરીક્ષા ફોર્મની પ્રિન્ટ યાદીઓ ફોરવર્ડિંગ પત્ર સહિત **તા.૦૪–૦૨–૨૦૧૭** સુધીમાં યુનિ.ખાતે અવશ્ય જમા કરાવવાની રહેશે.

– **નિયત તારીખ પૂર્ણ થયા બાદ રૂા.૫૦૦/–(પાંચ સો) લેઈટ ફી સહિત વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ કચેરી કામકાજના ૫–દિવસ સુધી ઓનલાઈન ભરાવવાના રહેશે.**

– **ત્યારબાદ ખાસ લેઈટ ફી રૂા.૨૦૦૦/– (બે હજાર) સાથે વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ મેન્યુઅલ સ્વીકારવામાં આવશે.**

| Sr. No. | Name of Exam | Date of Exam | Exam Fee | Practical Fee | Degree Fee | Total Fee |
|---|---|---|---|---|---|---|
| **1** | **2** | **3** | **5** | **6** | | **7** |
| 1 | B.A. Semester – IV | 31-3-2017 | 205 | 75 | –– | 280 |
| 2 | B.A. Semester – VI | 31-3-2017 | 255 | 75 | 200 | 530 |
| 3 | Bachelor of Performing Arts Semester – IV | 31-3-2017 | 1030 | –– | –– | 1030 |
| 4 | Bachelor of Performing Arts Semester – VI | 31-3-2017 | 1030 | –– | 200 | 1230 |
| 5 | Bachelor of Performing Arts Semester – VIII **(Painting)** | 31-3-2017 | 1780 | –– | 200 | 1980 |
| 6 | B.A. Acting Semester – IV **(City Pulse)** | 31-3-2017 | 1530 | –– | –– | 1530 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 7 | B.A. Acting Semester – VI **(City Pulse)** | 31-3-2017 | 1530 | —— | 200 | 1730 |
| 8 | B.A. Film Making & TV Production Semester – IV **(City Pulse)** | 31-3-2017 | 1530 | —— | —— | 1530 |
| 9 | B.A. Film Making & TV Production Semester – VI **(City Pulse)** | 31-3-2017 | 1530 | —— | 200 | 1730 |
| 10 | B.Sc. Semester – IV **(Govt. & Granted Colleges)** | 31-3-2017 | 205 | 100 | —— | 305 |
| | B.Sc. Semester – IV **(Self Finance Colleges)** | 31-3-2017 | 205 | 200 | —— | 405 |
| 11 | B.Sc. Semester – VI **(Govt. & Granted Colleges)** | 31-3-2017 | 255 | 100 | 200 | 555 |
| | B.Sc. Semester – VI **(Self Finance Colleges)** | 31-3-2017 | 255 | 200 | 200 | 655 |
| 12 | B.Sc. Semester – IV **(Home Science)** | 31-3-2017 | 205 | 75 | —— | 280 |
| 13 | B.Sc. Semester – VI **(Home Science)** | 31-3-2017 | 255 | 75 | 200 | 530 |
| 14 | B.Com. Semester – IV | 31-3-2017 | 205 | 75 | —— | 280 |
| 15 | B.Com. Semester – VI | 31-3-2017 | 255 | 75 | 200 | 530 |
| 16 | B.B.A. Semester – IV | 31-3-2017 | 980 | 175 | —— | 1155 |
| 17 | B.B.A. Semester – VI | 31-3-2017 | 980 | 175 | 200 | 1355 |
| 18 | B.C.A. Semester – IV | 31-3-2017 | 1230 | 175 | —— | 1405 |
| 19 | B.C.A. Semester – VI | 31-3-2017 | 1230 | 175 | 200 | 1605 |
| 20 | B.R.S. Semester – IV | 31-3-2017 | 205 | 75 | —— | 280 |
| 21 | B.R.S. Semester –VI | 31-3-2017 | 255 | 75 | 200 | 530 |
| 22 | B.S.W. Semester – IV | 31-3-2017 | 880 | —— | —— | 880 |
| 23 | B.S.W. Semester – VI | 31-3-2017 | 880 | —— | 200 | 1080 |
| 24 | B.Ed. Semester – IV **(New Course June-2015 to) (2-Year)** | 31-3-2017 | 440 | 75 | 200 | 715 |
| 25 | Special B.Ed. Semester – IV **(New Course June-2015 to) (2-Year)** | 31-3-2017 | 440 | 75 | 200 | 715 |
| 26 | LL.B. Semester – IV | 31-3-2017 | 330 | —— | —— | 330 |
| 27 | LL.B. Semester – VI | 31-3-2017 | 330 | —— | 200 | 530 |
| 28 | Architecture Semester – IV | 31-3-2017 | 930 | —— | —— | 930 |
| 29 | Architecture Semester – VI | 31-3-2017 | 930 | —— | —— | 930 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 30 | M.Sc. CA & IT Semester – IV | 31-3-2017 | 1620 | 175 | —— | 1795 |
| 31 | M.Sc. CA & IT Semester – VI | 31-3-2017 | 1620 | 175 | 200 | 1995 |
| 32 | M.C.A. Semester – IV **(5-Year Integrated)** | 31-3-2017 | 1730 | —— | —— | 1730 |
| 33 | M.C.A. Semester – VI **(5-Year Integrated)** | 31-3-2017 | 1730 | —— | 200 | 1930 |
| 34 | M.A. Semester – IV **(Regular)** | 31-3-2017 | 305 | 125 | 200 | 630 |
| 35 | M.A. Semester – IV **(External)** | 31-3-2017 | —— | —— | —— | —— |
| 36 | M.Com. Semester –IV **(Regular)** | 31-3-2017 | 305 | 125 | 200 | 630 |
| 37 | M.Com. Semester –IV **(External)** | 31-3-2017 | —— | —— | —— | —— |
| 38 | M.Sc. Semester – IV | 31-3-2017 | 530 | 175 | 200 | 905 |
| 39 | M.Sc. Semester – IV **(Home Science)** | 31-3-2017 | 530 | 175 | 200 | 905 |
| 40 | LL.M. Semester – IV | 31-3-2017 | 430 | —— | 200 | 630 |
| 41 | M.S.W. Semester – IV | 31-3-2017 | 980 | —— | 200 | 1180 |
| 42 | M.R.S. Semester – IV | 31-3-2017 | 980 | —— | 200 | 1180 |
| 43 | Master of Human Resource Management Semester – IV **(HRM) (2-Year)** | 31-3-2017 | 990 | —— | 200 | 1190 |
| 44 | Master of Journalism Sem. – IV | 31-3-2017 | 980 | —— | 200 | 1180 |
| 45 | Diploma in Jainology Sem.– IV **(2 - Year)** | 31-3-2017 | 530 | —— | 200 | 730 |
| 46 | M.Ed. Semester – IV **(New Course June-2015 to) (2-Year)** | 31-3-2017 | 540 | 350 | 200 | 1090 |
| 47 | M.A. in Education Sem. – IV **(New Course June-2015 to) (2 - Year)** | 31-3-2017 | 540 | 350 | 200 | 1090 |
| 48 | Master of Hospital Management Sem. – IV **(Only Dissertation)** | 31-3-2017 | 1230 | —— | 200 | 1430 |
| 49 | Master of Urban Planning Semester – IV | 31-3-2017 | 1530 | —— | 200 | 1730 |
| 50 | First Year B.H.M.S. **(New Course June-2015 to)** | 31-3-2017 | 2530 | 1000 | —— | 3530 |
| 51 | Second Year B.H.M.S. | 31-3-2017 | 2530 | 1000 | —— | 3530 |
| 52 | Third Year B.H.M.S. | 31-3-2017 | 2530 | 1000 | —— | 3530 |
| 53 | Fourth Year B.H.M.S. | 31-3-2017 | 2530 | 1000 | 200 | 3730 |
| 54 | M.D.S. | 31-3-2017 | 3230 | —— | 200 | 3430 |

**યુનિવર્સિટીના એકેડેમિક શાખાના પરીપત્ર ક્રમાંક : ૧૩૩/ ૨૦૧૫ એકે / પ્રવેશ / ૩૭૭૬ / ૨૦૧૫ તા.૧૯–૯–૧૫ " એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન અંગે " નો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.**

**આ યુનિ. સંલગ્ન તમામ વિધાશાખાના આચાર્યશ્રીઓને યુનિવર્સિટી તા.૨૦–૮–૧૫ ની કારોબારી સમિતિની સભાના ઠરાવ ક્રમાંક–૬૪ મુજબ પૂરક પરીક્ષા લેવા સંબંધી સંકલત સમિતિની સભાનોંધ મંજૂર કરવામાં આવેલ છે. સંકલન સમિતિની સભામા નિયત કરવામાં આવેલ છે કે જે વિધાર્થી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં સેમ–૧ માં પ્રવેશ મેળવતા વિધાર્થીઓનું એનરોલમેન્ટ થયા બાદ સદર વિધાર્થીઓને વધુમા વધુ ૬(છ) વર્ષમાં સ્નાતક પદવી ફરજિયાત મેળવવાની રહેશે. જો વિધાર્થી ધ્વારા ૬(છ) વર્ષમાં સ્નાતક પદવી મેળવવામાં નહિં આવે તો તેવા વિધાર્થીઓનું એનરોલમેન્ટ આપોઆપ ૬(છ) વર્ષ બાદ રદ થઈ જશે અને ૬(છ) વર્ષ બાદ સદર વિધાર્થીઓનું નવેસરથી યુનિ.માં સેમ–૧ માં એનરોલમેન્ટ કરાવવાનું રહેશે. જેની ખાસ નોંધ લેશો.**

**વધુમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં અનુસ્નાતક સેમ–૧ માં પ્રવેશ મેળવતા વિધાર્થીનું રજીસ્ટ્રેશન થયા બાદ વધુમાં વધુ ૪(ચાર) વર્ષમાં અનુસ્નાતકની પદવી મેળવી લેવાની રહેશે. જે વિધાર્થી ધ્વારા ૪ (ચાર) વર્ષમા અનુસ્નાતકની પદવી મેળવવામાં નહિં આવે તો તેવા વિધાર્થીઓનું રજીસ્ટ્રેશન આપોઆપ ૪ (ચાર) વર્ષ બાદ રદ થઈ જશે. ૪ (ચાર) વર્ષ બાદ સદર વિધાર્થીઓએ નવેસરથી અનુસ્નાતક સેમ–૧ માં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.**

---

**રેગ્યુલર તેમજ રીપીટર વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ઓનલાઈન ભરાવવા અંગે નીચે મુજબની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અન્યથા ભૂલ થશે તો જે તે કોલેજની જવાબદારી રહેશે.**

૧. જે વિદ્યાર્થીઓનાં ડેટા ઉપલબ્ધ ન હોય તેવા વિદ્યાર્થીઓની પણ નવેસરથી એન્ટ્રી કરી એકસેલ સીટમાં જ ઓનલાઈન પરીક્ષા ફોર્મ ભરાવવાના રહેશે.

૨. પરીક્ષાના આવેદનપત્રોની યાદી સાથે પરીક્ષા ફી માટે યુનિ.ની વેબસાઈટ ઉપરથી ચલણની કોપી ડાઉનલોડ કરી ચાર નકલમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની શાખામાં "**REGISTRAR, HEM. NORTH GUJ. UNI., PATAN (POWER JY.)**" ના **Account Number : 33238360265** માં સીધે સીધી જમા કરાવવાની રહેશે. જેમાંથી કોલેજની ચલણ કોપી કોલેજે રાખવાની રહેશે. તેમજ યુનિ. એકાઉન્ટ શાખા અને પરીક્ષા શાખાની ચલણ કોપીઓ યુનિ.માં પરીક્ષા ફોર્મની યાદીઓ સાથે ફોરવર્ડીગ લેટર સહિત જરૂરી વિગતો સાથે મોકલી આપવાની રહેશે. (બેંકમાં ફી જમા કરાવતી વખતે બેંક દ્વારા પાન નંબર દર્શાવવા જણાવવામાં આવે તો ફોન નંબર : ૦૨૭૬૬– ૨૨૧૨૬૩– ૨૨૧૩૬૩ પર સંપર્ક સાધવા વિનંતી.) (પાન નંબર –**AAALN0022B**)

૩. રેગ્યુલર તેમજ રીપીટર વિદ્યાર્થીઓના ઓનલાઈન પરીક્ષા ફોર્મ ડાઉનલોડ કરવા સબંધી કોઈ મુશ્કેલી જણાય તો યુનિવર્સિટી ખાતે **સીસ્ટમ એનાલીસ્ટશ્રી** નો **ફોન નંબર ૦૨૭૬૬ –૨૨૨૭૪૫ EXT. નંબર–૪૭૧** તેમજ **મો.નંબર–૯૭૨૫૩ ૪૭૦૩૩ તેમજ મો.નં.–૯૭૨૫૩ ૪૭૦૫૫ Email : sa@ngu.ac.in** પર સંપર્ક સાધી આખરી કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

૪. કોઈ વિદ્યાર્થીઓએ અભ્યાસ છોડી દીધેલ હોય કે કોઈપણ કારણસર વિદ્યાર્થી પરીક્ષા આપવા માંગતો ન હોય તો તેવા વિદ્યાર્થીઓના બેઠક નંબરો **Delete** કરી, **Short out** કરી ફકત પરીક્ષા ફોર્મ ભરાયેલ વિદ્યાર્થીઓની જ ફાઈનલ યાદી તૈયારી કરી ૨–નકલોમાં જમા કરાવવાનીરહેશે.

૫. **ઓર્ડિ.–૧૦૭ માં તા.૧૭–૬–૧૪ ની કારોબારી સમિતિના ઠરાવમાં કરેલ જોગવાઈ મુજબ ખાસ કેસ તરીકે સમયસર આવેદનપત્રો ન ભરી શકેલા વિદ્યાર્થીઓના આવેદનપત્રો નિયત કરેલ** તારીખથી મોડામાં મોડા૫–દિવસ સુધીની સમય મર્યાદામાં રહી સ્વીકારવામાં આવશે.

૬. **તમામ પરીક્ષાઓના રેગ્યુલર તેમજ રીપીટર (ટ્રાયલ) વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ઓનલાઈન પરીક્ષા ફોર્મની યાદીઓ અલગ અલગ ૨–નકલોમાં મોકલી આપવાની રહેશે.**

૭. ઉપરોકત દર્શાવેલ જે તે પરીક્ષાઓમાં જે તે વિષયોની પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવતી હોય, તે પરીક્ષાની પ્રાયોગિક પરીક્ષા ફી પરીક્ષાની સામે દર્શાવેલ ફી મોકલવાની રહેશે. વધુમાં પ્રાયોગિક પરીક્ષા માટેના સ્થળ, તારીખ અને સમય અલગથી જાહેર કરવામાં આવે છે.

૮. પરીક્ષા કાર્યક્રમો, કેન્ડીડેટલીસ્ટ, પરિપત્રો, જાહરેનામા, એટેન્ડન્ટશીટ અને જરૂરી સૂચનાઓ આ યુનિવર્સિટીની **Web-site** www.ngu.ac.in પર જાહેર કરવામાં આવશે. તેના ઉપરથી

વખતોવખત કોલેજની જરૂરીયાત મુજબ પ્રિન્ટ મેળવીને વિદ્યાર્થીઓની જાણ માટે નોટીસ બોર્ડ ઉપર મૂકવા વિનંતી. તેમજ કોલેજોના **Email** પર નિયમિત જોતા રહેવા વિનંતી.

૯. જુદી જુદી પરીક્ષાઓમાં વિધાર્થી સંખ્યા તેમજ કોલેજોની ભૌતિક પરિસ્થિતિ વિગેરેને ઘ્યાને લઈ અનિવાર્ય સંજોગોના કારણે લેખિત પરીક્ષાના કેન્દ્રો ફેરફારને આધિન રહેશે.

૧૦. આ યુનિવર્સિટીના પરિપત્ર નં.૧૫૨/૧૨ તા.૯–૭–૧૨ થી **Net / Email** થી મોકલેલ પરીક્ષાના આવેદનપત્રના નમૂના મુજબ **Online** પરીક્ષા ફોર્મ ભરીને યુનિ. કાર્યાલયમાં ૨–નકલમાં યાદી બનાવી જમા કરાવવાના રહેશે. તેમજ પરીક્ષા ફી રસીદ **Email / Website** **hngu.net** પર મૂકયા મુજબની વિધાર્થીઓને કોલેજ દ્વારા આપવાની રહેશે. પરીક્ષા ફોર્મના નમૂના યુનિ.ની **Website : hngu.net** અને **www.ngu.ac.in** પર મૂકેલ છે. જે ડાઉનલોડ કરી મેળવી લેવાના રહેશે.

૧૧. કોલેજમાં કેટલીક વખત વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદનપત્રો છેલ્લી ઘડીએ સ્વીકારી માત્ર આવેદનપત્રમાં આચાર્યશ્રીના સહી–સિકકા કરી વિદ્યાર્થી મારફતે બારોબાર ફાઈલીંગ કર્યા સીવાય છુટા ફોર્મ મોકલી આપવામાં આવે છે, જે બરાબર નથી. આવેદનપત્ર સાથે ફી ની વિગત દર્શાવતું પત્રક અને ફોરવર્ડીંગ લેટર સાથે આચાર્યશ્રીના સહી–સિકકા કરાવી કોલેજના અધિકૃત કર્મચારી મારફત બિનચૂક મોકલી આપવાના રહેશે. અન્યથા આવેદનપત્ર સ્વીકારી શકાશે નહીં, જેની ખાસ નોંધ લેવા વિનંતી.

૧૨. જે કોલેજમાં કાર્યકારી આચાર્ય છે તે કોલેજે કાર્યકારી આચાર્યની મંજુરીના યુનિવર્સિટીના પત્રની નકલ અવશ્ય જોડવી.

૧૩. આર્ટસ–કોમર્સ અને આર્ટસ–કોમર્સ–સાયન્સ સંયુકત વિધાશાખાવાળી કોલેજોને આવેદનપત્રો એક જ ફોરવડીગ લેટર સાથે ન મોકલાવતાં વિધાશાખાવાર અલગ અલગ પત્ર સાથે આપવાના રહેશે.

**૧૪. આવેદન પત્રો કોલેજના સંબંધિત કલાક ઘ્વારા યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવાના રહેશે. ટપાલ મારફતે મોકલેલ આવેદનપત્રો કોઈપણ સંજોગોમાં સ્વીકારી શકાશે નહી, જેની ખાસ નોંધ લેવી.**

૧૫. ઓનલાઈન પરીક્ષાનું આવેદનપત્ર કોલેજ ઘ્વારા ભર્યા બાદ જે તે વિદ્યાર્થીઓના નામની ચકાસણી કોલેજ ઘ્વારા કર્યા બાદ જ ફોર્મ **SAVE** કરવાનું રહેશે. અન્યથા વિદ્યાર્થીના નામમાં ભૂલ અંગે જે તે કોલેજ જવાબદાર રહેશે.

૧૬. પરીક્ષાઓ માટે નામ ભૂલ / વિષય ભૂલ / આવેદનપત્રો રદ વિગેરે બાબતોની માહિતી વિધાશાખાવાર અલગ અલગ પત્રકમાં મોકલવા વિનંતી છે.

**૧૭. કેન્ડીડેટ લીસ્ટમાં આવેલ વિદ્યાર્થીના નામ / અટક અને વિષયની ભૂલમાં કોલેજોએ પરિણામ જાહેર થતાં પહેલા વિદ્યાર્થીઓના હિત ખાતર ઓનલાઈન જરૂરી સુધારો અચૂક કરાવી લેવાનો રહેશે.**

૧૮. પરીક્ષાર્થીઓ જયારે આવેદનપત્રો ભરે ત્યારે માર્કશીટ મુજબ જ નામ આવેદનપત્રોમાં લખવા જણાવવું અને તેની ચકાસણી કરી લેવી.

૧૯. પરીક્ષાના આવેદનપત્રોમાં દર્શાવેલ કેન્દ્ર તેમજ રાખેલ વિષયમાં પાછળથી ફેરફાર કરવાનું શકય નથી.

૨૦. યુનિ.એ નિયત કરેલ તારીખ પછી આવેલા આવેદનપત્રો કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં. તે બાબતની સંબધિત કોલેજોના સર્વેએ નોંધ લેવા વિનંતી છે.

૨૧. દરેક પરીક્ષાના મોકલેલ આવેદનપત્રોની સંખ્યા અને ફીની વિગત દર્શાવતા ફોરવર્ડીંગ લેટર તથા આવેદનપત્રો અંગ્રેજી કકકાવારી પ્રમાણે વિષયવાર ગોઠવી પરીક્ષા દીઠ અલગ અલગ ફાઈલીંગ કરી મોકલી આપવા વિનંતી છે.

આવેદનપત્રો સાથે મોકલવાના થતા માહિતી પત્રકમાં તમામ વિગતો ચોકસાઈપૂર્વક ટાઈપ કરાવી પરીક્ષા દીઠ ૧–નકલમાં મોકલવાનું રહે છે. માહિતી પત્રકમાં સંપૂર્ણ વિગતો સાચી અને ચોકસાઈપૂર્વક ભરવા વિનંતી કરવામાં આવે છે.

૨૨. કારોબારી સમિતિની તા.૪–૧–૯૨ની સભાના ઠરાવ ક્રમાંક : ૫ ના નીચે દર્શાવેલ સંદર્ભ ભાગ તરફ આચાર્યશ્રીઓનું અને વિદ્યાર્થીઓનું ઘ્યાન દોરવામાં આવે છે. ઠરાવ અંગે આ કાર્યાલય દ્વારા તા.૨૪–૧–૯૨ ના પરિપત્ર નં.પરીક્ષા/૧/૪૯૨/૧૯૯૨ અન્વયે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
ઠરાવ નીચે મુજબ છે :

''આથી ઠરાવવામાં આવે છે કે, કોલેજોને પરિપત્ર કરી ધ્યાન દોરવાનું કે, પરીક્ષાના આવેદનપત્રો ભરાય ત્યારે મુકિત દર્શાવવા અંગે ચોકસાઈપૂર્વક વિગત ભરવામાં નહિ આવી હોય તો પાછળથી કોઈ ફેરફાર કરવા દેવામાં આવશે નહીં, અને તેના પરિણામે વિદ્યાર્થી નાપાસ થાય તો તે અંગેની જવાબદારી વિદ્યાર્થી અને કોલેજની રહેશે.

૨૩. સદર લેવાનાર જૂદી–જૂદી પરીક્ષાઓના આંતરિક ગુણ યુનિ.ની **Web-site** www.ngu. ac.in **અને** internal@ngu.ac.in પર યુનિવર્સિટીની પરીક્ષાઓ પૂર્ણ થાય તે પહેલા અવશ્ય મોકલી આપવાના રહેશે, અન્યથા પરીણામ સંબંધી જે સમસ્યા ઉપસ્થિત થાય તેની જવાબદારી જે તે કોલેજની રહેશે.

૨૪. ઉપરોકત દર્શાવેલ પરીક્ષાઓમાં જે તે પરીક્ષાઓમાં પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવતી હોય, અને જે વિદ્યાર્થી પ્રાયોગિક પરીક્ષામાં નાપાસ થયેલ હોય તેના પણ નિયત ફી સહિત આવેદન ફોર્મ રીપીટર તરીકે મોકલી આપવાના રહેશે.

૨૫. ઓર્ડિનન્સ–૧૦૬ માં કરેલી જોગવાઈ મુજબ અંધ વિદ્યાર્થીઓને પરીક્ષા ફીમાંથી મુકિત મળેલ છે. પરંતુ તેઓએ ફકત રુા.૧૦/– રજીસ્ટ્રેશન ફીના આપવાના રહે છે. તેથી અંધ વિદ્યાર્થીઓ પાસેથી રૂા.૧૦/– રજીસ્ટ્રેશન ફી અને ગુણપત્રકના રૂા.૫/– મળી કુલ રૂા.૧૫/– ફી યુનિ.ને મોકલી આપવી.

૨૬. ઓનલાઈન દ્વારા પરીક્ષાર્થીઓએ ભરેલા આવેદનપત્રો મુજબ પરીક્ષાર્થીઓના નામોની / રાખેલ મુખ્ય વિષય/ગૌણ વિષય/ વિષયના કોડ નંબર / જે વિષયોની પરીક્ષા આપવાની હોય તે વિષયોની માહિતી દર્શાવીને યાદી પ્રિન્ટ કરી ૨—નકલોમાં પરીક્ષા ફોર્મ સાથે મોકલી આપવાની રહેશે.

૨૭. કેટલાક પરીક્ષાર્થીઓ યુનિવર્સિટી પરીક્ષા આપી તેમાં જરૂરી પાસીગ માર્કસ મેળવવા છતાં પરંતુ નિયમોનુસાર આંતરીક કસોટીમાં નાપાસ થતા કે જરૂરી ન્યુનતમ વિષયોમાં પાસીગ માર્કસ નહી મેળવતા તેમનું પરીણામ યુનિ. દ્વારા રદ **(CANCELLED)** કરવામાં આવે છે. તો કોલેજ દ્વારા આવા વિદ્યાર્થીઓની પુનઃ પરીક્ષા (રીટેસ્ટ) લઈ જરૂરી પાસીગ આંતરીક ગુણ યુનિ.ને પરીણામ તૈયાર કરવાની શરૂઆત થાય તે પહેલા વિદ્યાર્થી હિતને ધ્યાને લઈ મોકલી આપવા યુનિ.સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતકના અધ્યક્ષશ્રીઓ ને જણાવવામાં આવે છે.

૨૮. આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ જણાવવાનું કે, રેગ્યુલર વિદ્યાર્થીઓના સેમેસ્ટર પરીક્ષાના આવેદનપત્રો ઉપર દર્શાવેલ નિયત તારીખો મુજબ નિયત સમયમાં **ONLINE** ભરાવીને યુનિ. કાર્યાલયમાં નિયત તારીખ સુધીમાં **Software** દ્વારા **Generate** થયેલ **CD** તેમજ કુલ ભરાયેલ વિદ્યાર્થીઓની પ્રિન્ટ યાદી સાથે નિયત ફી અને ફોરવર્ડીગ લેટર સાથે યુનિવર્સિટીમાં જમા કરાવવાના રહેશે. ત્યારબાદ કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી. અને ભરાયેલ ફોર્મની હાર્ડ કોપી (**Hardcopy**) પોતાના રેકર્ડ માટે કોલેજમાં રાખવાની રહેશે.

૨૯. સેમેસ્ટર પધ્ધતિની પરીક્ષાઓ લેવાની થતી હોઈ આવેદનપત્રોમાં વિદ્યાર્થીઓએ વિષય અંગેની અને કોડની માહિતી સ્પષ્ટ દર્શાવવાની રહેશે. તેમજ ખાસ કિસ્સામાં મેન્યુઅલ પરીક્ષા ફોર્મ સ્વીકારવાના થાય તો અગાઉ પસાર કરેલ પરીક્ષાના તમામ ગુણપત્રકની પ્રમાણિત નકલ અવશ્ય બીડવાની રહેશે. આચાર્યશ્રી ઈચ્છે તો પોતાની કોલેજના સિનિયર અધ્યાપકને પોતાની કોલેજના વિદ્યાર્થીઓના ગુણપત્રકોની નકલ પ્રમાણિત કરવાની કામગીરી સોંપી શકશે. જેમને આવી કામગીરી સોંપી હોય તેમના નામ અને સહીનો નમૂનો આવેદનપત્ર સાથે યુનિ. કાર્યાલયને મોકલી આપવા વિનંતી છે. જે અધ્યાપક નકલ પ્રમાણિત કરે તેમના હોદ્દાનો સિકકો લગાવવાનો રહેશે.

૩૦. **<u>વિજ્ઞાન પ્રવાહની કોલેજોને પ્રાયોગિક પરીક્ષા ફી જમા કરાવવા અંગેની સુચના :</u>**

**સ્વવિત્ત ધોરણે ચાલતી વિજ્ઞાન પ્રવાહની કોલેજો અને ગ્રાન્ટેડ કોલેજોમાં સ્વવિત્ત ધોરણે ચાલતા વર્ગોના વિધાર્થીઓની લેખિત પરીક્ષા ફી ઉપરાંત પ્રાયોગિક પરીક્ષા ફી પ્રતિ વિદ્યાર્થી દીઠ <u>રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પૂરા)</u> લેખે પરીક્ષાના આવેદનપત્રો સાથે જમા કરાવવાની રહેશે.**
**ગ્રાન્ટેડ કોલેજોના વધારાના સ્વવિત્ત ધોરણે ચાલતા વર્ગોની વિદ્યાર્થી સંખ્યાની યાદી તેમજ ગ્રાન્ટેડ જોડાણના વિદ્યાર્થીઓની યાદી પરીક્ષા ફોર્મ સાથે અલગ અલગ ચલણથી અલગ અલગ ફી જમા કરાવવાની રહેશે.**

૩૧. **<u>B.B.A., B.C.A., M.B.A., M.C.A., M.Sc.CA&IT પરીક્ષા ફી જમા કરાવવા અંગેની સુચના :</u>**

**યુનિ.ની B.B.A., B.C.A., M.B.A., M.C.A., M.Sc.CA&IT ફેકલ્ટીના સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમોમાં એ.ટી.કે.ટી. ની ફી પાર્ટ પરીક્ષા તરીકે ૩–વિષય સુધી રૂા.૫૦૦/– (પાંચ સો)**

**તેમજ ૩ થી વધુ વિષયની પરીક્ષા આપવાની થતી હોય તો આખી પરીક્ષા ગણી પ્રવર્તમાન આખી ફી ભરવાની રહેશે.(૩–વિષય સુધીની પાર્ટ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ હોલ (આખી) પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની સંખ્યાની યાદી અલગ અલગ આપવાની રહેશે. તેમજ પરીક્ષા ફી ના ચલણમા પણ પાર્ટ તેમજ આખી પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે ફી અલગ અલગ વિદ્યાર્થી સંખ્યાના આધારે દર્શાવવાની રહેશે.)**

૩૨. <u>સ્નાતક, અનુસ્નાતક, સર્ટીફિકેટ તેમજ ડીપ્લોમાંની જુદી–જુદી પરીક્ષાઓના છેલ્લા સેમે.માં પ્રતિ આવેદનપત્ર દીઠ ડીગ્રી સર્ટીફિકેટ તેમજ પ્રમાણપત્ર ફી પેટે રૂા.૨૦૦/–(રૂપિયા બસ્સો પૂરા) પરીક્ષા ફી સિવાય આવેદનપત્ર દીઠ અલગથી પરીક્ષા ફી સાથે ચલણથી યુનિવર્સિટીના ઉપરોકત દર્શાવેલ ખાતા નંબરમાં ચલણ કોપીથી જમાં કરાવવાના રહેશે.પરંતુ છેલ્લા સેમેસ્ટરમાં પુનઃ રીપીટર તરીકે જે વિદ્યાર્થીઓ ફરી પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓએ પદવી પ્રમાણપત્ર ફી ભરવાની રહેશે નહી.</u>

૩૩. માર્ચ–જૂન–૨૦૧૬ થી પરફોર્મીગ આર્ટસની જુદી જુદી પરીક્ષાઓની પ્રાયોગિક પરીક્ષા ફી કોલેજે યુનિ.મા જમા કરાવવાની રહેશે નહિ. ફકત થીયરી પરીક્ષાની ફી જ જમા કરાવવાની રહેશે, તથા પ્રાયોગિક પરીક્ષા કોલેજે લેવાની રહેશે, અને પ્રાયોગિક પરીક્ષા ફી કોલેજે પોતાની પાસે જમા રાખી તેમાથી ખર્ચ કરવાનો રહેશે.જેના પ્રાયોગિક ખર્ચના બીલો યુનિ.મા મોકલવાના રહેશે નહિ.

**૩૪. યુનિ.ના એકેડેમિક શાખા તરફથી આ અગાઉ તા.૧૮/૬/૨૦૧૩ થી પરીપત્ર ક્રમાંક :૧૩૨/ ૨૦૧૩ એકે / અસ / ૩૬૫૪ / ૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક : ૪૭ થી નીચેની વિગત મુજબ ઠરાવેલ છે. જે અનુસાર "સદરહું બાબતે પેટા સમિતિએ રજુ કરેલ તા.૪/૫/૨૦૧૩ ના અહેવાલ અંગે ચર્ચા–વિચારણા કરવામાં આવી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, C.B.C.S. પધ્ધતિમાં મૂલ્યાંકનમાં કન્ટીન્યુઅસ એન્ડ કે કોમ્પ્રીહેન્સીવ એસેસમેન્ટનું મહત્વ છે. આ બાબતને આધારે વિદ્યાર્થી પોતાના પસંદ કરેલ વિષયમાં કેવો છે તેનું મૂલ્યાંકન યુનિ. કક્ષાએ પરીક્ષા લેવાય તેના બદલે જે અધ્યાપક પાસે વિદ્યાર્થી ઈલેકટીવ જીનેરીક / ફાઉન્ડેશન / સોફટ સ્કીલ / ઈન્ટર ડીસીપ્લીનરી જેવા વિષયો શીખતો હોય તે જ અધ્યાપક પાસે મૂલ્યાંકન કરાવી ગુણ આપવાનું રાખવું તેમજ વિદ્યાર્થીએ રાખેલ વિષયમાં અધ્યાપક ન હોય તો તે વિદ્યાર્થી જેના પણ માર્ગદર્શન નીચે વિષય શીખતો હોય તેઓની પાસેથી તે વિષયનું મૂલ્યાંકન કરાવી ગુણ આપવાનું રાખવું. આ મૂલ્યાંકન માટે અધ્યાપક પોતાને અનુકૂળ જણાય તે પ્રમાણે કસોટી / માર્ગદર્શન/ એસાઈનમેન્ટ પધ્ધતિ અપનાવી શકશે.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, અધ્યાપક / માર્ગદર્શક ગુણ મોકલી આપે ત્યારે જ વિદ્યાર્થીને જે તે વિષયની ક્રેડીટ ઉમેરવામાં આવશે."**

**સદર બાબતની આપના સ્તરેથી સબંધિત અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓને જાણ કરવા જણાવેલ.**

**આમ, ઉપરોકત પરીપત્ર અનુસાર યુનિવર્સિટી કક્ષાએ જે તે વિષયોની લેખીત પરીક્ષા લેવાની થતી ન હોય તેમજ તેનું મૂલ્યાંકન કરાવવાનું થતું ન હોય જે તે વિષયોના અધ્યાપકશ્રીઓ પાસે મૂલ્યાંકન કરાવી ગુણ (માર્કસ) ગ્રેડ સહિત યુનિવર્સિટીમાં જે તે વિષયોનું પરીણામ તૈયાર કરવા માટે યુનિવર્સિટીના પરીણામો તૈયાર કરવાની કામગીરી શરૂ થાય તે પહેલા પરીક્ષા શાખાને મોકલી આપવાના રહેશે. અન્યથા પરીણામ સબંધી જે કંઈ જવાબદારી ઉપસ્થિત થાય તેની સઘળી જવાબદારી જે તે કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ ભવનના અધ્યક્ષશ્રીઓની રહેશે.**

આદેશથી
**ડૉ. ગિરીશ જે. ઠક્કર**
**કા.પરીક્ષા નિયામક**

જા.નં. પરીક્ષા/સંચાલન/૪૨૬૯/૨૦૧૭
હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પાટણ – ૩૮૪ ૨૬૫
તારીખ : ૨૧–૧–૨૦૧૭

**પ્રતિ,**

૧. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. સંલગ્ન તમામ વિદ્યાશાખાઓની કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ

૨. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજના આચાર્યશ્રી / વડાશ્રી તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ

૩. માન્ય સંસ્થાના આચાર્યશ્રી તથા વડાશ્રી તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ

<u>નકલ સવિનય જાણ સારૂ રવાના</u> :

૧. કુલપતિશ્રી / ઉપકુલપતિશ્રી / કુલસચિવશ્રી, હેમ.ઉત્તર ગુજરાત યુનિ., પાટણ તરફ જાણ સારૂ
૨. પરીક્ષા નિયામકશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૩. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર – ગુજરાત તરફ
૪. ગુજરાત રાજયની અન્ય યુનિવર્સિટીઓના વડાશ્રીઓ
૫. સચિવશ્રી, ગુજરાત હાયર સેકન્ડરી સ્કૂલ સર્ટીફિકેટ એકઝામીનેશન બોર્ડ, ગાંધીનગર
૬. સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
૭. સચિવશ્રી, ગુજરાત એસ.એસ.સી. બોર્ડ, વડોદરા
૮. યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગોના વડાશ્રીઓ
૯. કાર્યાલય નોટિસ બોર્ડ / પરીક્ષા વિભાગ નોટિસ બોર્ડ
૧૦. હેડકલાર્ક – ખાનગી શાખા / જનરલ શાખા / સેલ શાખા(પરીક્ષા)
૧૧. કુલપતિશ્રીના અંગતસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ તરફ
૧૨. સિસ્ટમ એનાલિસ્ટશ્રી,રીઝલ્ટ સેન્ટર તરફ જાણ તેમજ યુનિ.ની **Web-site** પર દરેક કોલેજોને મોકલવા કાર્યવાહી સારું.